મુસલમાને નીચા નમી સલામ કરી. પછી તે શ્રીહરિ પાસે બેઠો. શ્રીહરિએ તેના તરફ દૃષ્ટિ કરી ને તરત તેને સમાધિ થઈ. સૌ ભક્તજનોને આશ્ચર્ય થયું ! થોડી વારે મુસલમાન જાગ્રત થયો ત્યારે તેણે રામાનંદ સ્વામીને કહ્યું, 'મેં જે જોયું તે જો સાચું હોય તો તમે શિષ્ય છો અને આ ખુદા છે. પણ અહીં તમે ઊંચે બેઠા છો અને આ ખુદા નીચે બેઠા છે.'

રામાનંદ સ્વામી આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું, 'અમારા હિંદુઓમાં આ રીત હોય છે.'

મુસલમાનને તે સમજાયું નહિ, પરંતુ તેને હિંદુની રીતની માથાકૂટમાં પડવું ન હતું. તેણે જાણી લીધું કે આ અલ્લા છે. તેથી તેણે શ્રીહરિને પગે લાગીને કહ્યું, 'તમે અલ્લા છો તો મારા ઉપર રહેમ કરજો.' એમ કહીને તે ત્યાંથી ગયો.

રામાનંદ સ્વામીએ સૌને કહ્યું, 'સૌ ભૂલી ગયા ? મેં નો'તું કહ્યું કે આ જ પુરુષોત્તમ છે. વેશના ભજવનારા છે ?'

આ સાંભળી મુમુક્ષુઓની સંશયગ્રંથિ ગળી ગઈ અને ગુરુના વચને શ્રીહરિનો પરમાત્મા તરીકેનો નિશ્ચય દૃઢ કર્યો. (ભગવાન સ્વામિનારાયણ-૧/૩૮૨)

●

રામાનંદ સ્વામીના ધામગમન પછી તેમના તેરમાના દિવસે શ્રીહરિએ ફણેણીમાં શીતળદાસ નામના એક મુમુક્ષુને સમાધિનો દિવ્ય અનુભવ કરાવ્યો. ત્યારબાદ સમાધિનું એક અદ્વિતીય પ્રકરણ શરૂ થયું. કાલવાણી, માંગરોળ વગેરે ગામોના ભાવિકોને દૃષ્ટિમાત્રે સમાધિ કરાવી શ્રીહરિએ પોતાનો અલૌકિક પ્રતાપ જણાવ્યો. તેમનો પ્રતાપ સાંભળી, ગામોગામથી લોકો માંગરોળ આવવા લાગ્યા. તેમને દરેકને તેમના ભાવ પ્રમાણે, ઉપાસના પ્રમાણે, પોતપોતાના ઈષ્ટદેવનાં દર્શન શ્રીહરિનાં સ્વરૂપમાં થવા લાગ્યાં. કેટલાકને સમાધિ થતી અને ત્રણ-ચાર દિવસ સુધી શબવત્ પડ્યા રહેતા. કેટલાક પંદર દિવસ, કેટલાક મહિના સુધી, એમ સમાધિ અવસ્થામાં દેહનું ભાન ભૂલી પડી રહેતા. તેમના સંબંધીઓ તેમને શોધવા આવતા ત્યારે તેમને સૌને એકબાજુ ઉપરાઉપરી ખડકી રાખ્યા હોય તેમાંથી શ્રીહરિ શોધી લાવવાનું કહેતા. તેઓ ત્યાં જઈને તેમના સંબંધીના દેહને શોધતા અને ફરી શ્રીહરિ પાસે આવતા, ત્યારે શ્રીહરિ ત્યાં આવીને સોટી અડાડતા ત્યારે તે ભક્ત ઊભા થઈ જતા. આવો અલૌકિક પ્રતાપ જોઈને અનેક મુમુક્ષુઓને શ્રીહરિના સ્વરૂપમાં પરમાત્મભાવનો નિશ્ચય થયો. (ભગ. સ્વા. ૧/૪૨૩)

●

જમનાવડના દરબાર સુજાનસિંહ(દાદાભાઈ)ના ભાવને વશ થઈ શ્રીહરિ તેમને ત્યાં પધાર્યા હતા. શ્રીહરિ તથા સંઘની સેવામાં અંબારામ વિપ્ર ખડે પગે હતા. અંબારામે શ્રીહરિને સુંદર રસોઈ કરી જમાડ્યા. અંબારામને થયું કે શ્રીહરિ પ્રસન્નચિત્ત છે એટલે પ્રશ્ન પૂછ્યો, 'મહારાજ ! અમે તો જીવ છીએ અને તમે જગદીશ છો. આપણા વચ્ચે એટલું છેટું છે કે કેમે કરીને અમારી નજર તમારા તરફ પહોંચે તેવું નથી.'

શ્રીહરિ તેમની આ ભોળી વાણી સાંભળી હસ્યા. તેમણે કહ્યું, 'અંબારામ ! આપણી વચ્ચે કાંઈ જ છેટું નથી. જો તમારી દૃષ્ટિ કરી જાય, તો સાવ ઢૂંકડું જ છે.'

અંબારામ આ વાણીમાં ન સમજ્યા. શ્રીહરિ તેમની મૂંઝવણ જોઈ હસ્યા. તેમણે કહ્યું, 'અંબારામ ! આમ જુઓ, આપણા વચ્ચે આટલું જ છેટું છે.' અને જેવી શ્રીહરિ અને અંબારામની દૃષ્ટિ એક થઈ કે તરત જ તેમને સમાધિ થઈ ! અક્ષરધામમાં દિવ્ય સિંહાસન ઉપર અનંત મુક્તો શ્રીહરિની સેવામાં તેણે જોયા. પોતે પણ શ્રીહરિ સન્મુખ શ્રીહરિના દિવ્ય સ્વરૂપનો આનંદ માણતા જાણે ખોવાઈ ગયા હોય તેમ ઊભા હતા.

દાદાભાઈ અંબારામની આ સ્થિતિ જોઈ મૂંઝાઈ ગયા. તેમને થયું કે, 'બ્રાહ્મણ બીચારો સેવા કરવા આવ્યો ત્યાં તેને આ શું થઈ ગયું ?' તેણે શ્રીહરિને પ્રાર્થના કરી, 'મહારાજ ! આને શું થયું ? જીવતો કરો નહિ તો અમને બ્રહ્મહત્યાનું પાપ લાગશે.'

શ્રીહરિ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું, 'બાપુ ! અંબારામ તો જીવતો જીવ છે. પણ જેને આ સ્વરૂપની ઓળખાણ નથી તે બધા જ જીવતા છતાં મરેલા છે. જેમ લુહારની ધમણ હાંફે છે. તેમ તે બધા કેવળ હાંફે છે, પણ તેમનામાં જીવન નથી હોતું.'

એટલી વારમાં અંબારામ બેઠો થઈ ગયો ! બાપુને આશ્ચર્ય થયું. અંબારામે જે કહ્યું તે સાંભળી બાપુને વધુ આશ્ચર્ય થયું ! આ અદ્‌ભુત લીલાથી તેમને શ્રીહરિનો મહિમા વિશેષ દૃઢ થયો. (ભગ. સ્વા. ૨/૯-૧૦)

●

રામાનંદ સ્વામીના દેહત્યાગ બાદ કેટલાક સમય પછી શ્રીહરિ ભુજ પધાર્યા હતા. શ્રીહરિ ગંગારામ મલ્લને ત્યાં બિરાજતા શ્રીહરિએ એક વખત ગંગારામને કહ્યું, 'અમે આટલા દિવસથી અહીં આવ્યા છીએ છતાં લાધીમા હજુ દર્શને આવ્યાં નથી. માટે તેમને કહેવરાવો કે તમને સ્વામી બોલાવે છે.'

શ્રીહરિની આ આજ્ઞા સાંભળી મલ્લે તરત જ લાધીમાને સંદેશો મોકલ્યો, પરંતુ તરત જ લાધીમા તરફથી જવાબ આવ્યો કે, 'સ્વામી તો એક રામાનંદ ! હું તો તેમનાં દર્શનથી કૃતાર્થ થઈ છું. એટલે મારે અન્યનાં દર્શન કરવાની ઈચ્છા નથી.'

શ્રીહરિ તેમની રામાનંદ સ્વામી પ્રત્યેની નિષ્ઠાથી પ્રસન્ન થયા. પછી તેમણે ફરી કહેવરાવ્યું કે, 'માને જઈને કહો કે તમેય રામાનંદ સ્વામીનાં શિષ્ય છો અને અમે પણ તેમના શિષ્ય છીએ. માટે આપણે તો ગુરુભાઈ કહેવાઈએ. માટે મળવા આવો.'

આ સંદેશો સાંભળી લાધીમા મલ્લને ઘેર આવ્યાં. સહજાનંદ સ્વામીને પાટ ઉપર બેઠેલા જોઈ લાધીમાને થયું કે, કહે છે કે આપણે ગુરુભાઈ કહેવાઈએ, અને બેઠા છે તો પાટ ઉપર ! છતાં તે અંદર આવ્યાં. શ્રીહરિને બે હાથ જોડી નમસ્કાર કર્યા અને દૂર બેસી ગયાં.

લાધીમાએ રામાનંદ સ્વામીની પૂર્ણભાવથી સેવા કરી હતી. તેથી શ્રીહરિને તેમનું કલ્યાણ કરવું હતું. શ્રીહરિએ લાધીમા તરફ દૃષ્ટિ કરી અને તરત જ તેમને સમાધિ થઈ. અધો-ઊર્ધ્વ પ્રમાણરહિત દિવ્ય અક્ષરધામમાં લાધીમાએ મનુષ્યતનુધારી શ્રીહરિને દિવ્ય સિંહાસન પર બિરાજમાન જોયા. અનંત મુક્તો શ્રીહરિ સ્તુતિ કરતા હતા. રામાનંદ સ્વામીને પણ તેણે શ્રીહરિની સેવામાં જોયા.

આ સમાધિના દિવ્ય સુખના અનુભવથી તેમનાં અંતરચક્ષુ ખૂલી ગયાં. શ્રીહરિના સ્વરૂપનો નિશ્ચય થયો. સમાધિમાંથી ઊઠીને શ્રીહરિ પાસે આવી તેણે પંચાંગ પ્રણામ કર્યા. મૌનથી જ જાણે કે શ્રીહરિને કહી દીધું કે, 'આપ પરમેશ્વર છો અને હું તો આપની ભક્ત છું.' (ભગ. સ્વા. ૨/૭૯-૮૦)

●

એક વખત શ્રીહરિ સોરઠ પ્રદેશમાં અગતરાઈ પધાર્યા હતા. થોડા દિવસ અહીં રોકાયા બાદ શ્રીહરિને હવે ગઢપુર જવું હતું. તેથી સવારે પર્વતભાઈને કહ્યું,

'રસોઈ વહેલી કરાવો અમારે આજે ચાલવું છે.'

મહારાજની આજ્ઞા પ્રમાણે બધી ગોઠવણ થઈ ગઈ. મહારાજ જમ્યા, ભક્તોને પણ જમાડ્યા. પછી મહારાજ ત્યાંથી નીકળ્યા. ગામને પાદર પહોંચ્યાં ત્યાં તો ઘોડીએ તોફાન આદર્યું અને શ્રીહરિ નીચે પડ્યા. જમણા પગનું હાડકું ભાંગી ગયું. મહારાજને તાત્કાલિક પર્વતભાઈને ઘેર લાવ્યા.

પર્વતભાઈએ તરત જ ગામના મુસલમાન વાળંદને બોલાવ્યો. વાળંદ આવ્યો અને તેણે મહારાજના પગનું હાડકું બેસાડી પાટો બાંધી દીધો. પણ જતાં જતાં તેણે સૂચના આપી, 'દહીં, છાશ કે ખટાશ ખાવા આપશો નહીં.'

શ્રીહરિનો આ પ્રથમ મોટો મંદવાડ હતો. આઠમે દિવસે સવારે શ્રીહરિએ દહીં માંગ્યું. પર્વતભાઈ કહે, 'દહીં ન ખવાય, વાળંદે ના કહી છે. આજે પાટો બાંધવા આવવાનો છે.'

છતાં શ્રીહરિએ હઠ લીધી કે દહીં ખાવું જ છે.

છેવટે શ્રીહરિની હઠને વશ થઈને પર્વતભાઈએ દહીં આપ્યું. તેઓ દહીં જમતા હતા તે જ વખતે શ્રીહરિની સારવાર કરનાર મુસલમાન વાળંદ આવ્યો. મહારાજને દહીં જમતા જોઈને તે ગુસ્સે થયો. તેણે કહ્યું, 'આને તમે ભગવાન કહો છો ?' તે સાંભળી મહારાજ હસ્યા ને કહ્યું, 'તું પાટો તો છોડ. જો તો ખરા કે શું થયું છે ?' વાળંદે બબડતાં બબડતાં પાટો છોડ્યો. પગ હલાવ્યો. તેને આશ્ચર્ય થયું કે આ શું ? આ તો જાણે પગે કાંઈ વાગ્યું જ નથી ! તે જ વખતે મહારાજે તેના તરફ દૃષ્ટિ કરી. તેને તરત જ સમાધિ થઈ અને તેમાં પેગંબરોને નિહાળ્યા. તરત જ તે મહારાજના પગમાં પડી ગયો ને સ્વીકાર્યું, 'મહારાજ ! તમે ભગવાન સાચા.' (ભગ. સ્વા. ૨/૧૭૪-૧૭૫)

●

એક વખત શ્રીહરિ જૂનાગઢ પધાર્યા હતા. અહીં તેઓ નરસિંહ મહેતાના ચોરે મહેતાજીના ઓટા પર બિરાજ્યા હતા. તે જોઈને ત્યાંનો બાવો બોલી ઊઠ્યો, 'અરે ! મહેતાજીના ઓટા ઉપર કેમ બેઠા ?'

મહારાજે તેના તરફ હસીને કહ્યું, 'કારણ કે અમે મહેતાજીના ગુરુ છીએ, સમજ્યા બાવાજી ?' એમ કહીને શ્રીહરિએ તેના તરફ દૃષ્ટિ કરી. તરત જ તેને સમાધિ થઈ ગઈ. સમાધિમાં તેને નરસિંહ મહેતા આ સ્વામિનારાયણ ભગવાનની સ્તુતિ કરતા હતા તેવાં દર્શન થયાં. રાધા-લક્ષ્મી આદિક પણ શ્રીહરિની ભક્તિ કરતાં દેખાયાં. બાવાજી સમાધિમાંથી જાગ્રત થયા કે તરત જ શ્રીહરિ પાસે ગયા અને ચરણારવિંદમાં નમી પડ્યા. (ભગ. સ્વા. ૨/૨૫૬)

●

વીસનગરના સૂબા લાલદાસને સ્વામિનારાયણ સંપ્રદાય પ્રત્યે દ્વેષભાવ હતો. આથી તે સ્વામિનારાયણીય સત્સંગીઓને ખૂબ જ ત્રાસ આપતો હતો. હરિભક્તોએ શ્રીહરિને પ્રાર્થના કરી એટલે ભક્તવત્સલ શ્રીહરિ ભક્તોનાં દુઃખ ભાંગવા વીસનગર પધાર્યા.

બીજે દિવસે મૂળજી બ્રહ્મચારીને આખા શરીરે ભસ્મ લગાવડાવીને શ્રીહરિ સૂબા પાસે પહોંચ્યા. બ્રહ્મચારીનો આવો વેશ જોઈ સૂબો એકદમ ઊભો થઈ ગયો. તેનાથી હાથ જોડાઈ ગયા ! એ દરમ્યાન શ્રીહરિ તો લાલદાસની ગાદી ઉપર બેસી ગયા ! બ્રહ્મચારીને પણ બાજુમાં બેસાર્યા. અને શ્રીહરિએ સૂબાને પૂછ્યું, 'તમે લાલદાસ ! તમે અહીંના સૂબા ?'

લાલદાસ લાલચોળ થઈને બોલ્યો, 'હા, હું છું અહીંનો સૂબો !' તેને ક્યાં બેસવું તે સૂઝ્યું નહીં. તે ઊભો જ રહ્યો.

શ્રીહરિએ કહ્યું, 'તમે દેસાઈ કુળના, વીસનગરા બ્રાહ્મણ જેવા ઉચ્ચ કુટુંબમાં જન્મેલા આવા સંસ્કારી થઈ અમારા ઉપર દ્વેષ રાખો છો ?'

લાલદાસને આ સાંભળીને મૂંઝવણ થઈ. તેણે કહ્યું, 'તમે સ્વામિનારાયણ ? કલ્યાણની કે સ્વર્ગની કે નરકની વાતો કરી તમે ભોળા માણસોને ભરમાવજો. અમારા જેવા તમારી જાળમાં નહીં આવે.'

'અમારે તમને જાળમાં નથી લેવા, બંધનમાં લેવા છે.' શ્રીહરિએ કહ્યું.

'એ બધી તમારી શબ્દોની જાળ છે. હું તેમાં ફસાવાનો નથી. સ્વર્ગની ને નરકની વાતો હું ઘોળીને પી ગયો છું, સમજ્યા ?'

આ સાંભળી મહારાજ હસ્યા. તેમણે કહ્યું, 'પી ગયા છો એટલું સારું છે. પેટમાં ઊતરેલું ક્યારેક પ્રગટ થશે.' એમ કહી મહારાજે તેના સામી દૃષ્ટિ કરી અને સૂબાને સમાધિ થઈ ગઈ. તેના અમલદારો, નોકરો બધા આ જોઈ રહ્યા.

સમાધિમાં સૂબાનો સૂક્ષ્મદેહ યમપુરીમાં પહોંચ્યો. સૂબાને જમપુરી દેખાઈ. યમદૂતો તેનાં પાપ જાણતા હતા. મહારાજની ઈચ્છાથી તે પાપોનું ફળ ચખાડવા, નરક-યમપુરી એ કલ્પના નથી, પરંતુ નક્કર વાસ્તવિકતા છે તેની પ્રતીતિ કરાવવા યમદૂતો તેને મુદ્‌ગલથી મારવા માંડ્યા. યમપુરીમાં તેને માર પડે ને અહીં તેનો સ્થૂળ દેહ ઊછળે. આ મારથી ત્રાહિમામ્ ત્રાહિમામ્ પોકાર કરવા લાગ્યો. તે પીડાની બૂમોને બધા સાંભળતા હતા. મહારાજને તેની દયા આવી. પુનઃ કૃપાદૃષ્ટિ કરી ને તે જાગ્રત થયો.

શ્રીહરિને સામે જ બેઠેલા જોઈ તે ઊઠ્યો અને તેમનાં ચરણારવિંદમાં પડી ગયો ! બંને ચરણ પકડીને તેણે કહ્યું : 'મહારાજ ! સ્વર્ગ અને નરક હું મિથ્યા માનતો હતો પણ તેની યાતનાને ભોગવી લીધી. શાસ્ત્રનાં વચનો સત્ય છે, આપની વાત પણ સત્ય છે. પ્રભુ ! મારા અપરાધ માફ કરો. મેં તમારા સત્સંગીઓને બહુ ત્રાસ આપ્યો છે. તેમને તડકે ઊભા રાખ્યા છે. નાત બહાર મુકાવ્યા છે. સામાજિક બહિષ્કાર કરાવ્યો છે. એવા નિર્દોષ અને પવિત્ર ભક્તો ઉપર ઘણું બધું ગુજાર્યું છે. આ પાપનું ફળ મને મળ્યું છે. આપ પરમાત્મા છો તેની આપે મને પ્રતીતિ કરાવી, શાસ્ત્રોનાં વચનોમાં શ્રદ્ધા બેસાડી.'

આ રીતે સમાધિ દ્વારા શ્રીહરિએ સૂબાનું સમૂળું પરિવર્તન કરી ભક્તોનું દુઃખ ટાળ્યું. (ભગ. સ્વા. ૩/૧૨૪-૧૨૫)

●

કાલવાણીમાં રામાનંદ સ્વામીના વખતની એક ઓરડી હતી. ત્યાં ફળિયામાં લીંબડાના વૃક્ષ નીચે ગાદી-તકિયે શ્રીહરિ બિરાજ્યા હતા. તે જ વખતે માણાવદરથી મયારામ ભટ્ટ આવ્યા. મહારાજને પગે લાગીને તે સભામાં બેઠા. તે વખતે મહારાજે એક હરિભક્તને સમાધિ કરાવેલી હતી. ભટ્ટજીને આવી સમાધિઓમાં બહુ વિશ્વાસ નહીં તેથી તે હરિભક્તના નાડી-પ્રાણ જોવા લાગ્યા. પરંતુ ન મળે નાડી કે ન મળે પ્રાણ ! તેથી ભટ્ટજીને સમાધિમાં થોડી પ્રતીતિ આવી.

છતાં તેમનો સંશય મટાડવા માટે શ્રીહરિએ રામાનંદ સ્વામીના દીક્ષિત એક સાધુ લક્ષ્મણદાસને સમાધિ કરાવીને ધામમાં મોકલ્યા. તેમના શબવત્ શરીરને

જમીન પર સુવડાવીને ચાર ગોદડાં ઓઢાડ્યાં. પછી મહારાજે કહ્યું, 'જોજો, લક્ષ્મણદાસના હાથ ઊંચા થશે.' એમ કહી મહારાજે પોતાના હાથ ઊંચા કર્યા ત્યાં તો લક્ષ્મણદાસે ઓઢેલાં ગોદડાં દૂર હડસેલીને તેના બે હાથ ઊંચા કર્યા. જ્યારે મહારાજે હાથ નીચે મૂક્યા ત્યારે લક્ષ્મણદાસના હાથ પણ નીચે આવી ગયા. જેમ કઠપૂતળીવાળો દોરીથી પૂતળાં રમાડે તેમ મહારાજ સભામાં લક્ષ્મણદાસ પાસે હાથ-પગ હલાવતા હતા. તે જોઈને સભાજનો આશ્ચર્ય પામીને બોલ્યા, 'જીવ-પ્રાણી-માત્રનાં નાડીપ્રાણની દોરી શ્રીજીમહારાજના હાથમાં છે.'

વળી, તે સમયે મહારાજે એક બીજા બાળકને સમાધિમાં ધામમાં મોકલ્યો. તે એક કલાક ત્યાં રહીને પાછો દેહમાં આવ્યો. પછી તે અક્ષરધામની શોભા તથા સુખની વાત કરવા લાગ્યો. તે સાંભળી મયારામ ભટ્ટને મહારાજનો ખરેખરો નિશ્ચય થયો કે, 'આ સહજાનંદ સ્વામી છે તે પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ છે.' અને મહારાજનાં ચરણમાં મસ્તક મૂકીને પગે લાગ્યા. પોતાના અંતરમાં આનંદ છવાઈ ગયો અને હેતનાં આંસું આવી ગયાં ! (હરિચરિત્રચિંતામણિ વાત - ૧/૧૪૪) ◆

# (૨)

## બી.એ.પી.એસ. યુવાપ્રવૃત્તિનો ઉજાસ

## Growth of BAPS Youth Activities

જ્યાં યુવાનોમાં
સંસ્કારની સુવાસ મઘમઘે છે... શિક્ષણ-સ્વાસ્થ્યની માવજત થાય છે...
કલા-કૌશલ્ય મહોરી ઊઠે છે... સેવાની લગની લાગે છે... નેતૃત્વ ખીલી ઊઠે છે...
જ્યાં પછાતનોય ઉત્કર્ષ છે અને જ્યાં ગુણાતીત સંતની સ્નેહલ ગંગા વહે છે...
એ છે - બી.એ.પી.એસ. યુવાપ્રવૃત્તિનો એક પરિચય.
હવે પછીનાં પૃષ્ઠોમાં તેની છે એક ઝલક.
અને હા,
યુવક પ્રવૃત્તિની સમાંતર અહીં યુવતીઓના સર્વાંગી વ્યક્તિત્વ-વિકાસ માટે
બી.એ.પી.એસ. યુવતી-પ્રવૃત્તિ પાંખ દ્વારા પણ તમામ પ્રવૃત્તિઓ આયોજિત થાય છે.
નારીના સ્વાતંત્ર્ય, સ્વમાન-ગૌરવ અને શીલની પ્રેરણા આપતા વિવિધ કાર્યક્રમો દ્વારા
બી.એ.પી.એસ. યુવતી સભા નવયૌવનાઓમાં મૂલ્ય-નિષ્ઠા દૃઢાવે છે.

**સ્વા**ગતમ્.

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની યુવાપ્રવૃત્તિના એક વિરાટ વિશ્વમાં આપનું સ્વાગત છે.

યૌવન એટલે ઊર્જા અને ચેતનાનો ધસમસતો પ્રવાહ.

યૌવનની ઊર્જાના આ પ્રચંડ પ્રવાહને જો સકારાત્મક માર્ગે વાળવામાં આવે તો તે માનવજાતને સુખ, શાંતિ અને આનંદના માર્ગે લઈ જાય છે, નહીંતર વિનાશના પંથે લઈ જાય છે.

યૌવનની આ શક્તિઓને પારખીને, તેને અધ્યાત્મ દ્વારા રચનાત્મક દિશામાં વાળવા મહાન વાત્સલ્યમૂર્તિ સંત બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે સન ૧૯૫૨માં બી.એ.પી.એસ. યુવાપ્રવૃત્તિનો મંગલ દીપ પ્રગટાવ્યો. બી.એ.પી.એસ. યુવાપ્રવૃત્તિનો એ ઉજાસ, આજે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની નિશ્રામાં વિશ્વભરમાં પથરાઈ રહ્યો છે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની છત્રછાયા હેઠળ દાયકાઓથી વિરાટ યુવા સંસ્કાર પ્રવૃત્તિ પર પોતાનું ધ્યાન કેન્દ્રિત કરી રહેલી બી.એ.પી.એસ. એક આધ્યાત્મિક-સામાજિક સંસ્થા છે.

પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણે (૧૭૮૧-૧૮૩૦) આજથી બે સદી પહેલાં આપેલા વૈદિક સિદ્ધાંતને વરેલી બી.એ.પી.એસ.નું લક્ષ્ય છે - આધ્યાત્મિક મૂલ્યો દ્વારા માનવ ઉત્કર્ષ. સંસ્થાના વિશ્વભરનાં હજારો કેન્દ્રોમાં પ્રતિ વર્ષે યોજાતી લાખો સત્સંગ સભાઓ દ્વારા આધ્યાત્મિક, નૈતિક, સામાજિક પ્રવૃત્તિઓની સેવા-શૃંખલા અવિરત ચાલતી રહે છે. યુનાઇટેડ નેશન્સ દ્વારા પ્રમાણિત થયેલી આ સંસ્થા અનેકવિધ માનવ સેવાઓમાં હંમેશાં અગ્રેસર રહી છે. સંસ્થાના

૫૫,૦૦૦ યુવા સ્વયંસેવકો કરોડો માનવ-કલાકો પ્રતિવર્ષે નિઃસ્વાર્થ સેવામાં આપે છે. સંસ્થાની તબીબી સેવાઓનો લાભ પ્રતિ વર્ષે પાંચ લાખથી વધુ લોકો મેળવે છે.

ઇંગ્લેન્ડથી લઈને આદિવાસી પ્રદેશ સુધી વ્યાપેલા અદ્યતન ૪૧ શૈક્ષણિક સંકુલોમાં હજારો વિદ્યાર્થીઓ આધુનિકતમ શિક્ષણ મેળવે છે. સંસ્થાએ પર્યાવરણ સેવાઓમાં પણ અનેરું પ્રદાન આપ્યું છે. લાખો લોકોને વ્યસનમુક્ત કરતું સંસ્થાનું વ્યસનમુક્તિ અભિયાન સતત ગતિમાન છે. કચ્છના ભૂકંપથી લઈને સુનામીના જળપ્રલય સુધી અનેક કુદરતી આપત્તિઓમાં ધ્વસ્ત ગામો દત્તક લઈને તેનું પુનઃનિર્માણ કરવાની સેવા પણ સંસ્થાએ બજાવી છે.

સંસ્થાનાં ૧૦૦૦ કરતાં વધુ મંદિરો લાખો મુમુક્ષુઓ માટે

ભારતીય સંસ્કૃતિ અને અધ્યાત્મની ભાગીરથી સમાન બન્યા છે. લંડનના વિશ્વપ્રસિદ્ધ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરથી લઈને દિલ્હી અને ગાંધીનગરમાં રચાયેલાં સાંસ્કૃતિક પરિસર અક્ષરધામ સુધીનાં અનેક સંકુલો દ્વારા લાખો લોકો ભારતીય અસ્મિતાની સુવાસ માણે છે. બી.એ.પી.એસ.ની આવી અનેક પ્રવૃત્તિઓની કરોડરજ્જુ છે – યુવાપ્રવૃત્તિ.

અહીં પ્રસ્તુત છે, વિશ્વભરમાં યુવા-જાગૃતિની આહ્‌લેક લગાવતી બી.એ.પી.એસ. યુવાપ્રવૃત્તિની એક ઝલક.

## બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા :
## એક આંકડાકીય નજર...

### બાળ-યુવા ઉત્કર્ષ કેન્દ્રો

- *કુલ ૯,૧૦૦ બાળ-યુવાપ્રવૃત્તિ મંડળો*
- *પ્રતિવર્ષે ૪,૨૫,૦૦૦થી વધુ સાપ્તાહિક બાળ-યુવા સભાઓનું આયોજન*
- *પ્રતિવર્ષે લાખો બાળ-યુવાઓમાં આધ્યાત્મિક મૂલ્યો ને સંસ્કારનું સિંચન*

### શૈક્ષણિક પ્રવૃત્તિઓ

- *૪૧ સુવિધાસજ્જ શૈક્ષણિક સંકુલોમાં હજારો વિદ્યાર્થીઓને સંસ્કારયુક્ત શિક્ષણ*
- *કુલ ૫,૨૦૦ વિદ્યાર્થીઓને સ્કોલરશિપ દાન*
- *નિઃશુલ્ક શૈક્ષણિક અને વ્યવસાયલક્ષી માર્ગદર્શન સભાઓનું પ્રતિવર્ષે આયોજન*

### રાહત સેવાઓ

- *આપત્તિગ્રસ્ત વિસ્તારોમાં રાહતકાર્યરૂપે ૭૫ નૂતન શાળાઓનું નિર્માણ*
- *કુલ ૨૫ ધ્વસ્ત ગામો-વસાહતો દત્તક લઈને તેનું પુનઃનિર્માણ*
- *કુલ ૩૯ પ્રાકૃતિક આપત્તિઓનાં રાહતકાર્યો અને ૨,૦૦૦થી વધુ ગામડાંઓમાં રાહતસેવા*

### તબીબી સેવાઓ

- *કુલ ૭ આધુનિકતમ હૉસ્પિટલોમાં સારવાર*
- *૧૧ ફરતાં દવાખાનાંઓ દ્વારા પ્રતિવર્ષે લાખો દર્દીઓની નિઃશુલ્ક સારવાર*
- *રોગનિદાન યજ્ઞો અને રક્તદાન યજ્ઞો દ્વારા માનવસેવાની અવિરત શૃંખલા*

### આદિવાસી સેવાઓ

- *૨,૦૦૦થી વધુ ગામોમાં આદિવાસી ઉત્કર્ષ પ્રવૃત્તિઓ*
- *આદિવાસી ગામોમાં ૩,૦૭૯થી વધુ બાળ-યુવા-સંયુક્ત સભાઓ દ્વારા સંસ્કાર સિંચન*
- *આદિવાસી પરિવારોની શૈક્ષણિક અને તબીબી સેવાઓનાં વિવિધ આયોજનો*

### વ્યસન મુક્તિ આંદોલન

- *૩૬,૦૦૦ બાળકો-યુવા કાર્યકરો દ્વારા બે વિરાટ વ્યસનમુક્તિ અભિયાનો*
- *૪,૦૦૦ શહેરો-ગામોમાં યોજાયું વ્યસનમુક્તિ અભિયાન*
- *વ્યસનમુક્તિ યજ્ઞો ઉપરાંત કુલ ૩૦,૦૦,૦૦૦થી વધુ લોકોને વ્યસનમુક્તિની પ્રેરણા*

### પ્રતિભાવિકાસ પર્વ

- *છેલ્લાં ૧૫ વર્ષોથી પ્રતિ વર્ષે યુવતીઓના વ્યક્તિત્વવિકાસ માટે પ્રતિભાવિકાસ પર્વ*
- *વક્તૃત્વ, લેખન, સીવણકલા, હસ્તકલા, રસોઈકલા, કૉમ્પ્યૂટર, ગાયન-વાદન વગેરેની તાલીમ*
- *કુલ ૩,૦૦,૦૦૦થી વધુ યુવતીઓએ પ્રતિભાવિકાસ પર્વમાં સ્વનિર્ભર થવાની તાલીમ મેળવી*

### અધિવેશનો અને સત્સંગ શિક્ષણ પરીક્ષાઓ

- *કુલ ૧૦૦થી વધુ આંતરક્ષેત્રીય અને રાષ્ટ્રીય અધિવેશનોમાં હજારો યુવાનોએ ભાગ લીધો*
- *કુલ ૧૦ કાર્યકર અધિવેશનો દ્વારા કાર્યકરોએ વિશેષ તાલીમ મેળવી*
- *૮૨૨ પરીક્ષા કેન્દ્રોમાં કુલ ૮,૦૦,૦૦૦થી વધુ પરીક્ષાર્થીઓએ સત્સંગ શિક્ષણ પરીક્ષા આપી*

# ભગવાન શ્રી સ્વામિનારાયણ

**જેમણે બે સદી પહેલાં એક શાંત આધ્યાત્મિક ક્રાંતિ કરીને**
**યુવાનોને શ્રેષ્ઠ આદર્શ પૂરો પાડ્યો...**

### ભગવાન શ્રી સ્વામિનારાયણ : યુવાપ્રવૃત્તિના જ્યોતિર્ધર

આજથી બે સદી પહેલાં યૌવનનો એક શ્રેષ્ઠ અને શાશ્વત આદર્શ પૂરો પાડનાર અને પોતાના અલૌકિક વ્યક્તિત્વથી એક શાંત આધ્યાત્મિક ક્રાંતિ કરનાર ભગવાન શ્રી સ્વામિનારાયણ એટલે આ પૃથ્વી પર માનવમાત્ર માટે કરુણાનું એક દિવ્ય અવતરણ.

સન ૧૭૮૧માં રામનવમીના પવિત્ર દિવસે (તા. ૩-૪-૧૭૮૧) અયોધ્યા પાસે છપિયા ગામે તેમનું પ્રાગટ્ય. માત્ર સાત વર્ષની ઉંમરે તેમણે વેદાદિ શાસ્ત્રો પર પ્રભુત્વ મેળવી લીધું હતું. દસ વર્ષની ઉંમરે વારાણસીમાં એમણે પોતાના મૌલિક તાત્ત્વિક મતનું સ્થાપન કર્યું. અગિયાર વર્ષની કુમળી વયે ગૃહત્યાગ કરી એમણે ૧૨,૦૦૦થીય વધુ કિલોમીટરની અખિલ ભારત પદયાત્રા કરી. ૨૧ વર્ષની ઉંમરે તેમણે સ્વામિનારાયણ સંપ્રદાય સ્થાપીને ધર્મપ્રવર્તનનું કાર્ય આદર્યું. ગામોગામ ઘૂમીને એમણે સમાજની ભાંગેલી નૈતિક-આધ્યાત્મિક પાળો સમારી. વ્યસનો, વહેમ, અંધશ્રદ્ધા અને કુરિવાજોના પાશમાંથી સમાજને મુક્ત કર્યો. સમાજથી તરછોડાયેલા અધમ અને ગરીબોને પોતાના ખોળે લીધા. સરળ વાર્તાલાપમાં તેમણે ઉચ્ચ આધ્યાત્મિક રહસ્યો પ્રકટ કર્યાં. એમની હયાતીમાં જ અસંખ્ય સદાચારી હરિભક્તો અને ૩,૦૦૦ સંતોએ એમને પરબ્રહ્મ પુરુષોત્તમ તરીકે આરાધ્યા હતા.

માત્ર ૪૯ વર્ષની ઉંમરે તેમણે દેહત્યાગ કર્યો, પોતાની ગુણાતીત સંતપરંપરા દ્વારા સદાય પૃથ્વી પર પ્રગટ રહેવાનું વરદાન આપ્યું. આજે તેમના પાંચમા અનુગામી પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ દ્વારા સૌ તેમના દિવ્ય અસ્તિત્વને માણે છે.

# સ્વામીશ્રી યોગીજી મહારાજ

**જે વાત્સલ્યમૂર્તિ સંતે બી.એ.પી.એસ. યુવાપ્રવૃત્તિનો આરંભ કરી**
**યુવાનોના ઉત્કર્ષનો રાજમાર્ગ કંડાર્યો...**

### બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ : યુવાપ્રવૃત્તિના જ્યોતિર્ધર

વિરલ સંતત્વ અને બાળસહજ નિર્દોષ પ્રતિભા દ્વારા સૌનાં હૃદયમાં અમીટ છાપ પ્રગટાવનાર મહાન સંત યોગીજી મહારાજ એટલે યુવાનોના વાત્સલ્યમૂર્તિ મહાન સંત; ભગવાન સ્વામિનારાયણની આધ્યાત્મિક પરંપરાના ચતુર્થ ગુરુવર્ય; સાધુતા, સેવા અને ભક્તિનું મૂર્તિમંત સ્વરૂપ. 'ભગવાન સૌનું ભલું કરો' એ એમનો જીવનમંત્ર.

બાળકો-યુવાનોના સર્વાંગી વિકાસ માટે અને તેમને સુસંસ્કારથી અલંકૃત કરવા, યોગીજી મહારાજે છ દાયકા પહેલાં સ્થાપેલી બી.એ.પી.એસ. યુવાપ્રવૃત્તિ, આજે વિશ્વભરમાં વટવૃક્ષની જેમ ફેલાઈને અનેકને શીતળ છાયા અને મધુર ફળ આપી રહી છે.

# જ્યાં સંસ્કારની સુવાસ મઘમઘે છે...

**યુવાસભાઓ દ્વારા વિશ્વભરમાં હજારો યુવાઓમાં સંસ્કાર અને**
**અધ્યાત્મની જાગૃતિનો ભગીરથ પ્રયાસ...**

### સંસ્કાર-સિંચનની ગંગોત્રી : યુવાસભા

- વિશ્વ આજે સૌથી વધુ ત્રસ્ત છે - સંસ્કાર વિનાની નવી પેઢીના પ્રશ્નોથી. એટલે જ, બી.એ.પી.એસ. યુવાપ્રવૃત્તિનું પ્રથમ લક્ષ્ય છે - યુવાનોમાં સંસ્કારનું સિંચન.
- સંસ્કાર-સિંચનમાં બી.એ.પી.એસ. ત્રણ બાબતોને વિશેષ મહત્ત્વ આપે છે :
  ૧. યુવાનોમાં નમ્રતા, પ્રામાણિકતા, ચારિત્ર્ય, સેવા વગેરે સદ્‌ગુણોનું સિંચન.
  ૨. ભારતીય સંસ્કૃતિની પરંપરાઓ, ઇતિહાસ તથા વારસાનું સિંચન કરીને યુવાનોમાં સાંસ્કૃતિક ચેતના પ્રગટાવવાનો પ્રયાસ.
  ૩. નિત્ય પ્રાર્થના, સત્સંગ, સદ્‌વાંચન અને અન્ય પ્રવૃત્તિઓ દ્વારા શ્રદ્ધા વગેરે આધ્યાત્મિક મૂલ્યોનું સિંચન.
- સંસ્કાર સિંચન માટે બી.એ.પી.એસ.નું મહત્ત્વનું માધ્યમ છે, યુવા-યુવતી સભા. દર અઠવાડિયે નિયમિત યોજાતી આ યુવાસભા દેશવિદેશમાં હજારો યુવક-યુવતીઓ માટે એક ખૂબ રસસભર પ્રવૃત્તિ બની રહે છે.
- તદ્દન નિઃશુલ્ક અને સેવાભાવનાથી યોજાતી આ યુવાસભામાં પ્રેરક વ્યાખ્યાનો, નાટિકા, ડિબેટ, પ્રશ્નોત્તરી, પરિસંવાદ, સાંસ્કૃતિક કાર્યક્રમો, દૃશ્યશ્રાવ્ય કાર્યક્રમો, યાત્રા-પ્રવાસો, પ્રવચન-કીર્તન-સ્પોર્ટ્‌સ જેવી વિવિધ ક્ષેત્રે સ્પર્ધાઓ, વગેરે અનેક રસપ્રદ કાર્યક્રમો દ્વારા યુવાનો અહીં ઉચ્ચ મૂલ્યોની પ્રેરણા મેળવે છે.

# જ્યાં શિક્ષણ-સ્વાસ્થ્યની માવજત થાય છે

**અદ્યતન સુવિધાસજ્જ શિક્ષણ-સંકુલો દ્વારા આધુનિક ઢબે**
**યુવાનોના શિક્ષણની સંભાળ...**

### સંસ્કારયુક્ત શિક્ષણનો મહાયજ્ઞ

- બી.એ.પી.એસ. યુવાપ્રવૃત્તિ યુવાનોને સંસ્કારયુક્ત શિક્ષણનો મંત્ર શીખવે છે. શ્રેષ્ઠ સંસ્કારયુક્ત શિક્ષણ માટે કુલ ૨૬ બી.એ.પી.એસ. છાત્રાલયો અને ૧૫ શાળાઓ ગતિમાન છે. ઉપરાંત, પ્રાકૃતિક આપત્તિગ્રસ્ત વિદ્યાર્થીઓના શિક્ષણ માટે બી.એ.પી.એસ. દ્વારા કુલ ૭૫ શાળાઓનું નિર્માણ કરાયું છે. નિઃશુલ્ક કોચિંગ વર્ગો, સ્કોલરશિપ વગેરે પ્રવૃત્તિઓ દ્વારા યુવાશિક્ષણને પ્રોત્સાહન આપવામાં આવે છે.
- શિક્ષણ ઉપરાંત વિદ્યાર્થીઓના સ્વાસ્થ્યના જતન માટે અવારનવાર યોજાતા રોગનિદાન યજ્ઞો ઉપરાંત પ્રાણાયામ-યોગાસનોની તાલીમ અપાય છે. સાથે સાથે યુવાનોને વ્યસનમુક્ત, સંયમિત, સ્ટ્રેસ ફ્રી જીવનની પણ તાલીમ અપાય છે.

# જ્યાં કલા-કૌશલ્ય મહોરી ઊઠે છે...

**નૃત્યથી લઈને વક્તૃત્વ સુધી અનેકવિધ કળા અને સ્પોર્ટ્‌સમાં યુવાનો**
**મહોરી ઊઠે છે...**

### કલા-કૌશલ્ય અને સ્પોર્ટ્‌સ દ્વારા વ્યક્તિત્વ વિકાસ

- યુવાનો વિવિધ કલાઓમાં કૌશલ્ય મેળવે, કુશળ રમતવીર બને અને તેમનું પ્રભાવક વ્યક્તિત્વ બને તે માટે બી.એ.પી.એસ. યુવાપ્રવૃત્તિ સતત પ્રયત્નશીલ રહે છે.
- આધ્યાત્મિક સંસ્કારો અને મૂલ્યો ઉપરાંત વક્તૃત્વ, ગાયન, વાદન, ચિત્ર, નૃત્ય, અભિનય વગેરે કલાઓની તાલીમ આપવા માટે દર અઠવાડિયે યોજાતી યુવાસભામાં ખાસ કાર્યક્રમો યોજાય છે. રમત-ગમત માટે પણ વિવિધ કાર્યક્રમો સતત યોજાતા રહે છે. સમયાંતરે તેની સ્પર્ધાઓ પણ યોજાતી રહે છે.
- વૅકેશન દરમ્યાન નિષ્ણાતો દ્વારા વિવિધ કલાઓના વર્ગોનો પણ લાભ આપવામાં આવે છે. પ્રતિ વર્ષે યોજાતા સાંસ્કૃતિક કાર્યક્રમોની શૃંખલામાં, યુવાનો પોતાની કલાનું અદ્‌ભુત દર્શન કરાવે છે.
- બી.એ.પી.એસ. દ્વારા યોજાતા વિરાટ મહોત્સવોમાં યુવાનોની કલાને ખાસ મંચ પૂરો પાડવામાં આવે છે, જ્યાં યુવાનોની વિવિધ પ્રસ્તુતિ સૌને પ્રભાવિત કરે છે.
- યુવાનોની શક્તિઓને ખીલવવા માટે અવારનવાર વિરાટ પાયે ગ્રીષ્મ યુવા અધિવેશનો યોજાય છે, જેમાં ભાગ લઈને ૨૫,૦૦૦થીય વધુ યુવાનો વક્તૃત્વ, સંગીત, નિબંધલેખન વગેરે સ્પર્ધાઓમાં મહોરી ઊઠે છે.
- દર વર્ષે ઠેર ઠેર યોજાતી યુવાશિબિરો યુવાનોના જ્ઞાનદીપકને પ્રજ્વલિત રાખે છે.

# જ્યાં સેવાની લગની લાગે છે...

**સમાજ અને સંસ્કૃતિ માટે સમર્પિત યુવાનો અહીં નિઃસ્વાર્થ સેવાનો ચમત્કાર સર્જે છે...**

### સેવા અને સમર્પણની આહ્‌લેક

- યુવાનોની અપાર શક્તિઓને માનવજાતની સેવામાં રચનાત્મક માર્ગે વાળવાની બી.એ.પી.એસ.ની નેમ છે. ગ્રામ્ય વિચરણ, જનજાગૃતિ અભિયાનો, વ્યસનમુક્તિ યજ્ઞો વગેરે રચનાત્મક આયોજનો ઉપરાંત, સંસ્કૃતિનાં સનાતન મૂલ્યોનું પ્રવર્તન અને જતન કરવામાં પણ આ યુવાનો પોતાની શક્તિઓનું શ્રેષ્ઠ પ્રદાન આપે છે.
- બી.એ.પી.એસ. દ્વારા માનવસેવાનાં કાર્યોની પણ અવિરત હારમાળા ચાલતી રહે છે. ભૂકંપ, દુષ્કાળ, અતિવૃષ્ટિ, વાવાઝોડું, સુનામી વગેરે આપત્તિઓમાં વિરાટ પાયે આયોજિત થતાં સેવાકાર્યોમાં યુવાનો નિઃસ્વાર્થભાવે જોડાય છે. વૃક્ષારોપણથી લઈને નવી પેઢીમાં સંસ્કાર-રોપણ માટે યુવાનો સમય, શક્તિ, સંપત્તિનું સમર્પણ કરે છે.

# જ્યાં પછાતનોય ઉત્કર્ષ છે...

**સેંકડો આદિવાસી ગામડાંઓમાં યુવાપ્રવૃત્તિ દ્વારા યુવાનો જીવનઘડતરના પાઠ શીખે છે...**

### આદિવાસી યુવાનોના સર્વાંગી ઉત્કર્ષનું લક્ષ્ય

- દાદરા નગરહવેલી, ધરમપુર, ડાંગ-આહવા, પંચમહાલ, નર્મદા કાંઠાના વિસ્તારો, સાબરકાંઠા વગેરે જિલ્લાઓ અને પ્રદેશોમાં વસતા આદિવાસી યુવાનોના સર્વાંગી વિકાસ માટે પણ બી.એ.પી.એસ. દ્વારા વિવિધ આયોજનો ગતિમાન રહે છે.

૧. શૈક્ષણિક ઉત્કર્ષ : આદિવાસી વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ પામે તે માટે સંસ્થાએ શાળાઓ, છાત્રાલયો, ગુરુકુળો વગેરે રચીને સુંદર શિક્ષણ-સુવિધાઓ પૂરી પાડી છે.

૨. સ્વાસ્થ્ય સંભાળ : નિયમિત અંતરે ૧૧ મોબાઈલ દવાખાનાંઓ ગામડે ગામડે ફરીને પછાત જાતિઓનાં બાળકો-યુવાનોની સ્વાસ્થ્ય સંભાળ લે છે.

૩. સંસ્કાર સિંચન : આદિવાસી યુવાનોમાં સંસ્કારનું સિંચન કરવા માટે સમર્પિત કાર્યકરો દ્વારા યુવાસભાઓનું સંચાલન થઈ રહ્યું છે. શરાબ વગેરે વ્યસનો અને હિંસાચારથી મુક્ત કરીને તેમને પવિત્રતા, સ્વચ્છતા, નિયમિતતા, સેવા, શ્રદ્ધા વગેરે સદ્‌ગુણોથી અલંકૃત કરવામાં આવે છે. અંધશ્રદ્ધા, વહેમ અને કુરિવાજોથી મુક્ત કરીને તેમને નિર્ભય અને નિશ્ચલ બનાવવામાં આવે છે.

૪. વ્યક્તિત્વ વિકાસ : અવારનવાર આદિવાસી યુવા-અધિવેશનો યોજવામાં આવે છે. આદિવાસી યુવાનોનાં નૃત્યો, નાટિકાઓ, વકતૃત્વ સ્પર્ધાઓ, મુખપાઠ સ્પર્ધાઓ વગેરે દ્વારા તેમની પરંપરાઓ અને કલાઓને પ્રોત્સાહન આપવામાં આવે છે.

# જ્યાં યુવા નેતૃત્વ ખીલી ઊઠે છે...

**છેલ્લાં ૬૦ વર્ષોથી હજારો સમર્પિત કાર્યકરોનું અમૂલ્ય અને અવિસ્મરણીય પ્રદાન**

### સમર્પિત કાર્યકરોની અવિરત સેવાઓ

- બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની વિશ્વવ્યાપી યુવા-પ્રવૃત્તિની કરોડરજ્જુ છે : સમર્પિત કાર્યકરો અને સંતો.
- નિઃસ્વાર્થભાવે સેવા કરતા હજારો યુવા કાર્યકરો દર વર્ષે કરોડો માનવકલાકો યુવાનોના સંસ્કાર-જતન અને આધ્યાત્મિક મૂલ્યોના પ્રવર્તન માટે ફાળવે છે. યુવા સભાઓના સંચાલન ઉપરાંત તેઓ યુવાનો માટે વ્યક્તિગત સમય કાઢીને તેમને સંસ્કાર, શિક્ષણ અને કલાકૌશલ્યની વિવિધ તાલીમ માટે પુરુષાર્થ-રત રહે છે.
- કાર્યકરોની ઉત્તમ ક્ષમતા વિકસાવવા પ્રતિ વર્ષે કાર્યકર તાલીમ શિબિરો, કાર્યકર વિચરણ, કાર્યકર અધિવેશન વગેરે આયોજનો સતત ગતિમાન રહે

છે. નેતૃત્વથી લઈને અધ્યાત્મ સુધીના અને યુવા-મનોવિજ્ઞાનથી લઈને સાંસ્કૃતિક અસ્મિતા સુધીના અનેક વિષયો પર તેમને શ્રેષ્ઠ માર્ગદર્શન આપવામાં આવે છે.

વિશ્વભરમાં યુવાપ્રવૃત્તિના સંયોજન માટે કાર્યકરોને માર્ગદર્શન આપતાં 'નીલકંઠ', 'સહજાનંદ સુધા' અને 'સુવાસિની' નામનાં સામયિકો પણ પ્રકાશિત થાય છે.

- સામાજિક-પારિવારિક જવાબદારીઓ વચ્ચે બાળ-યુવા-સંયુક્ત સત્સંગમંડળોમાં સેવા આપતા આ નિઃસ્વાર્થ કાર્યકરો, બી.એ.પી.એસ. યુવાપ્રવૃત્તિનું એક ગૌરવભર્યું સુવર્ણપૃષ્ઠ છે.

# જ્યાં સંતની સ્નેહલ ગંગા વહે છે...

**પ્રમુખસ્વામી મહારાજના નિઃસ્વાર્થ સ્નેહની ગંગા લાખો યુવાનોનાં જીવન સાર્થક કરે છે...**

બી.એ.પી.એસ. યુવાપ્રવૃત્તિનું પ્રેરકબળ છે -
વિશ્વવંદનીય સંત પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ.

એમના નિર્મળ વ્યક્તિત્વમાં નિઃસ્વાર્થ સ્નેહનો એક જાદુ છે. અસંખ્ય યુવાનોને એમણે ચાહ્યા છે - એક જનેતાની જેમ, એક પિતાની જેમ, એક મિત્રની જેમ. તેમણે લાખો યુવાનોની જીવનનૌકાને સાચી દિશા આપી છે, વ્યસનોમાં ગળાડૂબ ડૂબેલા યુવાનોને વ્યસનમુક્ત કર્યા છે, યુવાનોની વૃત્તિ પર સંયમનો બંધ બાંધી તેમની આંતરિક શક્તિને ખીલવી છે, સંસ્કૃતિનાં મૂલ્યો તેમનાં હૈયે દૃઢાવ્યાં છે, તેમના પ્રશ્નોને ઉકેલી સાચો રાહ આપ્યો છે. એક એક યુવાનને વ્યક્તિગત મળીને સ્વામીશ્રીએ તેમને શ્રદ્ધાશીલ, ચારિત્ર્યશીલ, કર્તવ્યનિષ્ઠ અને આધ્યાત્મિક મૂલ્યોથી સભર બનાવ્યા છે.

એમની સ્નેહભરી એક નજરથી હજારો યુવાનો અધ્યાત્મનાં સોપાનો ચઢવા જીવન સમર્પિત કરે છે.

આદિવાસીઓથી લઈને અમેરિકાવાસીઓ સુધી સ્વામીશ્રીએ સદાચારી યુવાનોનો એક એવો સમાજ તૈયાર કર્યો છે, જે વિશ્વમાં અનેક માટે દીવાદાંડી સમાન બન્યો છે. સ્વામીશ્રીની પ્રેરણાથી ભારત ઉપરાંત આફ્રિકા, અમેરિકા, કેનેડા, ઇંગ્લેન્ડ, ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ વગેરે અનેક દેશોમાં, ભારતીય સંસ્કૃતિની અસ્મિતા સાથે, બી.એ.પી.એસ.ના લાખો યુવાનો કટિબદ્ધ છે - પ્રેરક મૂલ્યોના પ્રવર્તન માટે.

યુવાનોના હૈયે અનેક મહાન કાર્યોનાં બીજ સ્વામીશ્રીએ નિઃસ્વાર્થ સ્નેહથી વાવ્યાં છે. અને એ માટે સ્વામીશ્રીએ યુવાનોને પોતાનું સર્વસ્વ આપ્યું છે.

# (૩)

## એકાંતિક થઈએ, પરમ એકાંતિકને સંગ

## Become Ekantik, Through Association with the Param Ekantik

**અમેરિકાની ધરતી પર હજારો યુવાનોનો અધ્યાત્મ રણકાર**
**એકાંતિક થઈએ, પરમ એકાંતિકને સંગ**
**પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદથી અમેરિકામાં બી.એ.પી.એસ.ની નવી પેઢીનું નેશનલ કન્વેન્શન**

ભારતીય સંસ્કૃતિ એક અધ્યાત્મ પ્રધાન સંસ્કૃતિ છે. અહીં જન્મથી લઈને મૃત્યુ સુધી જીવનના પ્રત્યેક પગથિયે અધ્યાત્મની સુવાસ ફેલાયેલી રહી છે. સંસ્કાર એ આ સંસ્કૃતિના લોહીમાં વણાયેલું પવિત્ર રસાયણ છે. એટલે અહીં કોઈપણ વ્યક્તિની કિંમત અધ્યાત્મ અને સંસ્કારના ત્રાજવે તોલીને કરાય છે.

અધ્યાત્મ અને પવિત્ર સંસ્કારોની ઉચ્ચ ભૂમિકા પર મનુષ્ય પહોંચે તો તે શ્રેષ્ઠ આનંદ અને સુખનો અધિકારી બને છે. એ નક્કર સત્ય સૌ હજારો

વર્ષોથી અનુભવતા આવ્યા છે. એટલે જ અધ્યાત્મ અને પવિત્ર સંસ્કારોની યુગે યુગે પ્રેરણા આપવા માટે મહાન આચાર્યોએ સમયે સમયે માર્ગદર્શન પણ આપ્યું છે. કોઈકે અધ્યાત્મની ઉચ્ચ ભૂમિકા પર જવા માટે જ્ઞાનને મહત્ત્વનું ગણ્યું છે. તો કોઈકે ભક્તિને સવિશેષ મહત્ત્વ આપ્યું છે. કોઈકે જ્ઞાન અને ભક્તિને ગૌણ કરીને વૈરાગ્ય પર ભાર મૂક્યો છે. અને કોઈકે સદાચારરૂપી ધર્મ પર સવિશેષ ભાર મૂક્યો છે. દરેકે કશાકને ગૌણ ગણ્યું અને કશાકને મહત્ત્વનું ગણ્યું.

પરંતુ પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણે આધ્યાત્મિકતાની સર્વશ્રેષ્ઠ કક્ષાએ પહોંચવા માટે એવો ત્યાગ-ભાગ ન કર્યો. એમણે એ બધાનો સમન્વય સાધીને એક સર્વાંગ સંપૂર્ણ એવો માર્ગ ચીંધ્યો. તેનું નામ આપ્યું એકાંતિક ધર્મ. સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી એટલે જ ભગવાન સ્વામિનારાયણને 'એકાંતિક ધર્મ સંસ્થાપક' અને 'એકાંતિક ધર્મ પ્રવર્તક' બિરુદ આપીને વંદન કરે છે. આ એકાંતિક ધર્મ એટલે આજે જેને આપણે 'રિલિજિયન' તરીકે ઓળખીએ છીએ એવો કોઈ ધર્મ નહીં. એકાંતિક ધર્મ એટલે તો સર્વ સદ્‌ગુણોનો એક એવો સમન્વય, જે માણસે પોતાના જીવનમાં સાકાર કરવાનો છે. જેના જીવનમાં એ સદ્‌ગુણો સિદ્ધ થાય તેને ભગવાન સ્વામિનારાયણે 'એકાંતિક' કહીને બિરદાવ્યા છે. એકાંતિક એટલે એક ઉચ્ચ આધ્યાત્મિક જીવન. એકાંતિક એટલે પરમાત્માનો પ્રિય અને સર્વોત્તમ ભક્ત, સેવક. એકાંતિક એટલે સર્વોત્તમ વ્યક્તિત્વ.

એકાંતિકના જીવનમાં પાયાની કઈ કઈ બાબતો હોવી જોઈએ ? ભગવાન શ્રી સ્વામિનારાયણે વચનામૃતમાં તે અંગે ખૂબ સુંદર સ્પષ્ટતા કરી છે. વચનામૃતમાં તેમણે સદાચારરૂપી ધર્મ, આત્મા-પરમાત્માનું જ્ઞાન, દૃઢ વૈરાગ્ય અને ભગવાનની માહાત્મ્ય સહિત નિષ્કામ ભક્તિ - એકાંતિકના જીવનમાં એ ચાર મહત્ત્વના સ્તંભો ગણાવ્યા છે. (વચનામૃત ગઢડા પ્રથમ ૨૧) અને આ ચારેયનું લક્ષ્ય પરમાત્માની પ્રાપ્તિ દર્શાવે છે.

એકાંતિક શબ્દનો અર્થ જ એમ દર્શાવે છે કે, જેના જીવનમાં એક માત્ર પરમાત્માનું જ અંતિમ સ્થાન છે એ એકાંતિક. એકાંતિક એટલે જેને માટે પરમાત્મા જ એક અને એક માત્ર આશ્રયસ્થાન છે એવો ભક્ત.

જો કે એકાંતિક શબ્દનો પ્રયોગ પ્રાચીન ભારતીય શાસ્ત્રોમાં છૂટો છવાયો જોવા મળે છે. એકાંતિક શબ્દનો સૌથી પ્રાચીન નિર્દેશ પાંચરાત્ર આગમોમાં જયાખ્ય સહિતામાં પ્રાપ્ત થાય છે. ત્યારથી લઈને સ્કંદપુરાણોના વૈષ્ણવ ખંડમાં આવેલા વાસુદેવ માહાત્મ્ય વગેરે ગ્રંથોમાં એકાંતિક વિશે ક્યાંક કશીક વાતો પડઘાતી રહી છે. પરંતુ એ બધા વચ્ચે ભગવાન શ્રી સ્વામિનારાયણે તેની જે ચોખવટ કરી છે તે અદ્વિતીય છે.

પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણે એવા એકાંતિક થવાનું લક્ષ્ય પોતાના તમામ ભક્તોને આપ્યું અને સમજાવ્યું કે, એકાંતિક નહીં થાઓ ત્યાં સુધી મુક્તિ નહીં પમાય અને અક્ષરધામમાં નહીં પહોંચાય. એટલું જ નહીં, તેમણે ખૂબ ભારપૂર્વક કહ્યું કે, કોઈ પણ મુમુક્ષુ એકાંતિક થવા ઇચ્છતો હોય તો તે પોતાના બળે ક્યારેય એકાંતિક થઈ શકશે નહીં. એમણે કહ્યું કે એકાંતિક સત્પુરુષ થકી જ એકાંતિક થવાય છે. (વચનામૃત ગઢડા પ્રથમ ૪૭, ૬૦)

એ માટે તેમણે એવા પરમ એકાંતિક સત્પુરુષની પરંપરા આ પૃથ્વી પર આજ પર્યંત જીવંત રાખી છે. એવા મહાન સત્પુરુષ વિના એકાંતિક ધર્મનું અસ્તિત્વ અસંભવિત છે.

આજના ભૌતિક યુગમાં પણ એવા સત્પુરુષ જ આ વસુંધરા પર એકાંતિક ધર્મને જીવંત રાખે છે.

એવા પરમ એકાંતિક સત્પુરુષ વિશ્વવંદનીય પ્રમુખસ્વામી મહારાજે એવો એકાંતિક ધર્મ આજ પર્યંત અસંખ્ય લોકોના જીવનમાં સાકાર કર્યો છે. એટલું જ નહીં અનેક લોકોના હૃદયમાં એ એકાંતિક પદ સુધી પહોંચવાનું એક મહાન ધ્યેય રોપ્યું છે.

તેનું એક શ્રેષ્ઠ ઉદાહરણ એટલે તાજેતરમાં જ અમેરિકાની ભોગવાદી ધરતી પર બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા યોજાઈ ગયેલ એક અદ્‌ભુત, અવિસ્મરણીય, અનન્ય અવસર : બી.એ.પી.એસ. નેશનલ કન્વેન્શન - ૨૦૧૩.

અમેરિકાની ભોગવાદી ધરતી પર પણ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી ઉચ્ચ આધ્યાત્મિક ધ્યેય સાથે ઊછરી રહેલી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની નવી પેઢીનું એ અભૂતપૂર્વ સંમેલન હતું. પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણે આપેલા 'એકાંતિક' થવાના લક્ષ્યને વીંધવા માટે ભૌતિકતા ને અધ્યાત્મના ત્રાજવા પર ઊભા રહીને અહીં હજારો અર્જુનો એકત્રિત થયા હતા. અમેરિકાની ધરતી પર આજ સુધીમાં હિન્દુ બાળકો-યુવાનોનું આ સૌથી મોટું સંમેલન હતું. કુલ ૯,૦૦૦ જેટલા બાળકો-કિશોરો-યુવાનો બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર - એટલાન્ટા ખાતે આ સંમેલનમાં એકત્રિત થયા ત્યારે ઉપનિષદ્‌કાલીન હજારો ઋષિકુમારો ઊતરી આવ્યા હોય તેવું અદ્‌ભુત દૃશ્ય સર્જાયું હતું. અહીં માત્ર મૃત્યુ પછીના મોક્ષની વાતો ન હતી, અહીં રોજબરોજ જીવાતા જીવનની એવી અદ્‌ભુત પ્રેરક વાતો હતી જે સૌનાં હૈયાને ચોટ લગાડી દે તેવી હતી. તા. ૪ જુલાઈ થી ૧૫ જુલાઈ ૨૦૧૩ દરમ્યાન બાળ-બાલિકાઓ, કિશોર-કિશોરીઓ, યુવક-યુવતીઓ - એમ ત્રણ તબક્કામાં યોજાઈ ગયેલા આ કન્વેન્શનનું કેન્દ્રિય સૂત્ર જ હતું - 'એકાંતિક થઈએ, મારું જીવન સ્વામીશ્રીને સંગ.'

સતત દસ-બાર દિવસ સુધી અમેરિકાની નવી પેઢીને જકડી રાખી શકે, એટલું જ નહીં, તેમને સતત હૃદય સ્પર્શી સંદેશ મળતો રહે એવા કાર્યક્રમોની અહીં ભરમાર હતી. અહીં વ્યક્તિગત પ્રશ્નોથી લઈને પારિવારિક પ્રશ્નોની ઊંડી અને તલસ્પર્શી છણાવટ હતી. અહીં ખૂબ લાગણીશીલ અને દિલધડક ચોટદાર પ્રસંગોની જીવંતતા હતી. અમેરિકાની ધરતીનું પાણી પીને ઊછરેલાં નાનાં-નાનાં ભૂલકાંઓ, કિશોરો, યુવાનોએ પોતાના મોઢેથી મંચ પર ચઢીને આધ્યાત્મિક મૂલ્યોની દૃઢ વિશ્વાસ સાથે છટાદાર રજૂઆતો કરી ત્યારે મોટા-મોટાઓ દંગ રહી ગયા. એ બાળકો-યુવાનોની વાતમાં ખુમારી હતી, એમની વાતમાં દમ હતો, એ વાતોમાં વાસ્તવિકતા હતી, અને સૌથી વિશેષ તો એ સૌનાં પ્રાણપ્યારા પ્રમુખસ્વામી મહારાજ પ્રત્યેની અનહદ પ્રીતિ અને પ્રતીતિ છલકાતી હતી. એટલે અહીં સૌ કોઈએ એક જુદી જ ઊર્જાનો અનુભવ કર્યો. આ કન્વેન્શનમાં પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ પ્રત્યક્ષ ઉપસ્થિત નહોતા, આમ છતાં એ હજારો બાળકો-યુવાનોનો પ્રમુખસ્વામી મહારાજ પ્રત્યેનો અદ્‌ભુત પ્રેમ એ કક્ષાનો હતો કે પ્રમુખસ્વામી મહારાજ દિવ્ય દેહે ત્યાં સૌને અનુભવાતા હતા.

આ સંમેલને સૌને ખૂબ પ્રભાવિત કર્યા. અમેરિકાની ધરતી પર આવું સંમેલન યોજવું તે એક ચમત્કાર કે સિદ્ધિ લેખી શકાય.

એક તરફ વિશ્વ સમસ્ત માટે આજની નવી પેઢી એક ચિંતાજનક સમસ્યા બની છે. દિવસે ને દિવસે યુવાનોની સમસ્યાઓનો પ્રભાવ સમસ્ત માનવજાતને વધારે ને વધારે મૂંઝવી રહ્યો છે. એવા સમયે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા નવી પેઢીના આ ઉચ્ચ આધ્યાત્મિક ઘડતરનું એક ઉત્તમ કાર્ય સૌને ખૂબ પ્રભાવિત કરી રહ્યું છે.

આજથી ૬૦ વર્ષ પહેલાં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની બાળ અને યુવાપ્રવૃત્તિનાં બીજ રોપ્યાં, ત્યારે કેટલાયને મન આ પ્રવૃત્તિ સાવ નગણ્ય - તુચ્છ હતી. પરંતુ યોગીજી મહારાજે એક મહાન સ્વપ્ન સેવ્યું હતું - તેના વિશ્વવ્યાપી વટવૃક્ષનું. તેઓ ઘણી વખત યુવાનો સમક્ષ જાહેરમાં પોતાના ભવ્ય સંકલ્પો પ્રસ્તુત કરતા કહેતા : આપણે અમેરિકા, ઇંગ્લૅન્ડ, યુરોપ, આફ્રિકા, રશિયા એમ બધે યુવક મંડળો સ્થાપવાં છે. બધે સંસ્કારી યુવકો તૈયાર કરવા છે. એક નિસ્વાર્થ મહાપુરુષનું જગતને માટે કલ્યાણકારી આ સ્વપ્ન હતું. જોકે તે સમયની પરિસ્થિતિ એવી હતી કે ઘણાને તેમની એ વાતો માત્ર પ્રોત્સાહન ખાતર લાગતી. પરંતુ, યોગીજી મહારાજ તો આર્ષદ્રષ્ટા મહાપુરુષ હતા. તેમણે એક ચિરંતન સમય સુધીનું મહાન સ્વપ્ન વિચાર્યું હતું. અને આજે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના સાંનિધ્યમાં એ સ્વપ્ન સાકાર થયું છે. યોગીજી મહારાજ ૧૯૫૮માં અભ્યાસ માટે અમેરિકા ગયેલા નવયુવાન મુકુંદભાઈ પટેલ અને શ્રી વનરાજ મહેતાને અમેરિકામાં યુવકમંડળ સ્થાપવાનો આદેશ આપતાં પત્રમાં લખતા :

*'તમો એવું (યુવક) મંડળ સ્થાપો જે હજારો માણસો સત્સંગમાં આવે. હવે તમો ત્યાં છો તો હવે યુવક મંડળ સ્થાપો. તે થઈ જાશે.'*

*'તમો હવે તે કામ કરશો. ૫૧ યુવકો કરશો. હિન્દુભાઈ ત્યાં આપણા ઘણા જ છે. તો બધાને શોધીને મળવું. તો ખટકો રાખવો. રાત્રે સગવડે વચનામૃતની કથા કરવી. તો જ્ઞાન થશે... અત્યારે સ્વામીનારાયણને પ્રતાપે સત્સંગનો વાવટો સારો ચડ્યો છે. તે વાવટો યુવકો દ્વારે થવાનો છે.'*

ત્યારે કોઈને કલ્પના પણ નહોતી કે અમેરિકામાં સાચે જ યોગીજી મહારાજના આ શબ્દો ઊગી નીકળશે. અમેરિકામાં તાજેતરમાં યોજાયેલું બાળ-યુવાઓનું નેશનલ કન્વેન્શન પ્રત્યક્ષ જોનારા કે તેની વીડિયો માણનારા સૌ કોઈ તાજ્જુબ છે. સૌ કોઈને હજારો યુવાનોનું આ સંસ્કાર ધન જોઈને આશ્ચર્ય થયું છે. તેની પાછળ યોગીજી મહારાજના દિવ્ય આશીર્વાદ, અને છેલ્લા ચાર-ચાર દાયકાઓથી પોતાની તમામ શક્તિઓ રેડી દઈને યુવાશક્તિના જાગરણ માટે પ્રચંડ પુરુષાર્થ કરનારા પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની અપાર કૃપાદૃષ્ટિ રહી છે. બાળકો-યુવાનોને નિર્વ્યાજ વાત્સલ્યથી ભીંજવીને પરમ પૂજ્ય સ્વામીશ્રીએ સૌને પોતાના વિરાટ આધ્યાત્મિક અભિયાનમાં જોડ્યા છે, તેને સૌ કોઈ એક ચમત્કાર રૂપે જોઈ રહ્યા છે. એક તરફ આધ્યાત્મિક મૂલ્યોનું ચારે તરફથી ધોવાણ થઈ રહ્યું છે ત્યારે, હજારો બાળકો-યુવાનોને અધ્યાત્મના શિખર પર પહોંચવાની લગની લગાડનારા પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનાં ચરણોમાં સૌ ળળી પડે છે. પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણે આ વસુંધરા પર અવતરીને અનેક જીવોને એકાંતિક પદ સુધી પહોંચાડવાનો જે દિવ્ય સંકલ્પ કર્યો હતો, તેને આધુનિક યુગમાં નવી પેઢી સુધી વહાવવાનું મહાન કાર્ય કરનાર પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજને આવનારા અનેક યુગો સુધી ઇતિહાસ વંદન કરતો રહેશે.

સ્વામિનારાયણ પ્રકાશનો આ અંક એ નેશનલ કન્વેન્શનની એક ઝલક લઈને આપની સમક્ષ આવે છે. જોકે અહીં માત્ર કાર્યક્રમની જ ઝલક છે, પરંતુ તેની પાછળનો હજારો કલાકનો પુરુષાર્થ, સેકંડ ટુ સેકંડનું પ્લાનીંગ, હજારો પૃષ્ઠોનાં ડૉક્યુમેન્ટ્સ અને સ્ક્રિપ્ટ્સ, સૂક્ષ્મ દૃષ્ટિથી કરાયેલું લૉજિસ્ટિક્સ અને બીજાં અનેક પાસાંઓની અનેક પૃષ્ઠોની માહિતી અહીં રજૂ કરી શકાઈ નથી. એ તમામ પાછળ જેનો અપાર પુરુષાર્થ છે તે સર્વે સંતો અને કાર્યકરો પર પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની કૃપા વરસે એ જ અભ્યર્થના.

આ નેશનલ કન્વેન્શન પૂર્ણ થયું ત્યારે સૌનાં હૈયાંમાં મંત્ર ઘૂંટાતો હતો - 'એકાંતિક થઈએ પરમ એકાંતિકને સંગ. મારું જીવન પ્રમુખસ્વામી મહારાજને સંગ.' આપણે સૌ પણ એ મંત્રને ઘૂંટીને જીવતરને ધન્ય બનાવીએ. ◆